બઢતી માટેની પસંદગી યાદીઓ સમયસર બનાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : એસએલટી-૧૦૮૯-૮૯૪-ગ.૨
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૨૯/૦૨/૨૦૧૬

વંચાણે લીધાં :-

(૧) સા.વ.વિ.નો તા.૨૭-૧-૧૯૭૮નો પરિપત્ર ક્રમાંક બીએસી-૧૫૬૬-ક
(૨) સા.વ.વિ.નો તા.૪-૧૨-૧૯૮૬નો ઠરાવ ક્રમાંક એસ.એન.આર-૧૧૮૩-૧૨૨૨-ગ.૨
(૩) સા.વ.વિ.નો તા.૧૦-૮-૧૯૯૩નો ઠરાવ એસએલટી-૧૦૮૯-૮૯૪-ગ.૨
(૪) સા.વ.વિ.નો તા.૭-૨-૧૯૯૫નો ઠરાવ એસએલટી-૧૦૮૯-૮૯૪-ગ.૨
(૫) સા.વ.વિ.નો તા.૧-૧૦-૧૯૯૭નો ઠરાવ એસએલટી-૧૦૮૯-૮૯૪-ગ.૨
(૬) સા.વ.વિ.નો તા.૨૪-૧૨-૨૦૦૩નો પરિપત્ર ક્રમાંક:એસએલટી-૧૦૮૯-૮૯૪-ગ.૨
(૭) સા.વ.વિ.નો તા.૨૭-૦૮-૨૦૦૧નો પરિપત્ર ક્રમાંક:એસએલટી-૧૫૮૯-૪૧૮૪-ગ.૨
(૮) સા.વ.વિ.નો તા.૨૯-૧૦-૨૦૦૫નો પરિપત્ર ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૦૫-૧૦૦૮-ગ.૨
(૯) સા.વ.વિ.નો તા.૦૧-૦૯-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:સીઆરસી-૧૦૨૦૦૫-૧૦૦૮-ગ.૨
(૧૦) સા.વ.વિ.નો તા.૧૬-૦૯-૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૦૫-૧૦૦૮-ગ.૨
(૧૧) સા.વ.વિ.નો તા.૧-૧-૨૦૧૧નો પરિપત્ર ક્રમાંક:એસએલટી-૧૦૮૮-૩૩૬૭-ભાગ-૧-ગ.૨

**પરિપત્ર :-**

સરકારી સેવાની જગ્યાઓમાં કર્મચારીઓ/અધિકારીઓને બઢતી આપવા અંગે, બઢતીની પસંદગી યાદી બનાવવા માટેની સૂચનાઓ સામાન્ય વહીવટ વિભાગના જુદા જુદા ઠરાવો/પરિપત્રો દ્વારા પરિપત્રિત કરવામાં આવી છે. આમ છતાં, કેટલાક વિભાગો/ખાતાના વડાઓ દ્વારા બઢતી અંગેની કાર્યવાહી સમયસર કરવામાં આવતી નથી જે ઉચિત નથી. સામાન્ય વહીવટ વિભાગની બઢતી અંગેની પ્રવર્તમાન સૂચનાઓનો હેતુ જાળવવા માટે તેનું ચુસ્ત અને નિયમિતપણે અમલ કરવો જરૂરી છે.

૨. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જુલાઈ/સપ્ટેમ્બરમાં પસંદગીયાદીઓ તૈયાર કરવા માટેની સૂચનાઓ આપવામાં આવેલ છે. આમ છતાં, વિભાગો દ્વારા તેનો અમલ કરવામાં આવતો નથી. કેટલાક સંવર્ગમાં ઘણા સમયથી ખાતાકીય બઢતી સમિતિ બેઠક બોલાવવામાં આવતી ન હોય તેવું સામાન્ય વહીવટ વિભાગના ધ્યાન પર આવેલ છે. તે બરાબર નથી. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કર્મચારી/અધિકારીઓના વાર્ષિક

મૂલ્યાંકન માટે ખાનગી અહેવાલને બદલે કામગીરી મૂલ્યાંકન અહેવાલ (PAR) દાખલ કરવામાં આવેલ છે જેમાં કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવાની કામગીરી પૂર્ણ કરવા માટે સમયપત્રક નિયત કરવામાં આવેલ છે તે ધ્યાને લઇને પ્રત્યેક કર્મચારી/અધિકારીઓના અદ્યતન મૂલ્યાંકન અહેવાલો મેળવીને, બઢતી માટેની પસંદગી સમિતિની બેઠક પ્રત્યેક વર્ષના માર્ચ માસના અંત સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

સચિવાલયના વહીવટી વિભાગો અને તેમના નિયંત્રણ હેઠળના ખાતા/ કચેરી/સંસ્થાઓમાં આ પરિપત્રની સૂચનાઓનું પાલન થાય તે જોવા સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એમ.અધ્વર્યુ)
અધિક સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ / માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/અધિક મુખ્ય સચિવશ્રીઓ. (સંબંધિત વિભાગોએ તેમના ખાતાના વડાઓની આ બાબતે જાણ અને જરૂરી કાર્યવાહી માટે માહિતી આપવી.)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
- વિશિષ્ટ ફાઈલ.